**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 14**

આશાજી માનખા અવતાર લઇને આવ્યા, તે બહુ જીવ વગોયાજી;
માયા કારણુ જીવ લોભાણો, તે ફરી ફરી આવ્યો અવતાર.
હરી૦ (૧૬૩)

આશાજી એક જીવ કારણુ બહુ અવતર્યો, તે ભઠ પડયો અવતારજી;
માણુક સરખી કાયા ગુમાવી, પડયો તે નીચ અવતાર. હરી. (૧૬૪)

આશાજી જીવણા થોડા પાપ નં કરીએ, કરો દાન કમાઇજી;
લોક કુટુંબ કોઇ સાથ ન આવે, જે દેશો તે લેશો. હરી૦ (૧૬૫)

આશાજી જીવ અવતારે બહુ જીવ જાણો, અને સરવેઇ જીવ એકજજી;
જીવને દુઃખ જે જીવ દેશે, તે સોહી જીવ આપહી લેવે., હરી. (૧૬૬)

આશાજી શાહને દુઆરે સરવે જીવ સરખા, કોઇ હીણાં નહી
ખીણાજી;
જીવ જીવને પરખીને લેજો, નહી તો લેશો અવતાર. હરી. (૧૬૭)

આશાજી સંસાર સીરજ્યા માયા વળગી, જીવ લોભાણો ભુલો જાયજી;
તીસમાંહે ગુર ગીનાનજ દીધા, કીધા તમને જાણ. હરી૦ (૧૬૮)

આશાજી પાણી પત્થર લકકડ લોહો, સરવે અલીજીએ સીરજયાજી;
જીનુંકી જેસી સુકરીત હોશે, તીનકું તેસા અવતાર. હરી. (૧૬૯)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 14 (continued)

આશાજી મારગ ચોકખો મલી કરી ચાલો, અંધેરો નથી લગારજી;
અંજવાલા માંહે જે અંધેરા કરશે, તે જાશે નરગ દુઆર. હરી. (૧૭૦)

આશાજી અમને સોહી ગુર ભરમાજી થાપીઆ, તારે તે એક જીવ કરી દીઠાજી;
નાના મોટા સરવે એકજ દીઠા, નહી કોઇ હીણાં ન ખીણાં;
હરી૦ (૧૭૧)

આશાજી સતપંથ એહી સદા ઉતમ સોહી અમને પાયાજી;
અમારા જીવ અમે ઓલખીને પાયા, દીધા તેને ગુર ગીનાન.
હરી૦ (૧૭૨)

આશાજી ધરમ મારગ આપણો રાખો, કેને નહી તમે ખંડોજી;
આગળ જાતાં સહુ મળશે. મળશે તે શાહાને દુઆર. હરી. (૧૭૩)

આશાજી સાધનો મારગ છાનો ધરમ, અને છાનું હેતજ રાખોજી,
આગલ જાતાં જાહેર થાશે, તારે મુરખ હાથ ઘસાયે. હરી. (૧૭૪)

આશાજી હાથ ઘસંતા હાડ નિસરશે, જેણે પંથકી સુધ નવ પાઇજી;
વેલા હતી તે વહી કરી ચાલી, હવે રહ્યા હાથજ ખાલી.
હરી૦ (૧૭૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)